ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૧/૭૬૩-૮૪૯

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૨૯/૦૧/૨૦૨૧

## પરિપત્ર:-

**વિષય:- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાની તારીખમાં સુધારો કરવા બાબત**

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૦૬/૧૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/૩૭૮૨-૩૮૬૨

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (N.M.M.S) નામની યોજના MHRD, NEW DILHI તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. આ પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંદર્ભ દર્શિત જાહેરનામા ક્રમાંક:રાપબો/ NMMS/૨૦૨૦/ ૩૭૮૨-૩૮૬૨ થી તા.૨૮/૦૨/૨૦૨૧ ના રોજ પરીક્ષા યોજવનું નક્કી કરવામાં આવેલ હતું. પરંતુ સદરહુ દિવસે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી હોવાથી પરીક્ષા મોકુફ રાખવામાં આવેલ છે.

ઉકત પરીક્ષા હવે **તા.૧૪/૦૩/૨૦૨૧ ને રવિવાર** ના રોજ તમામ જિલ્લાના તાલુકા મથકોએ યોજાનાર છે. આ અંગેની જાણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) કરવાની રહેશે અને આ શાળાઓ વિધાર્થીઓને પણ જાણ કરે તેવી સુચના આપની કક્ષાએથી આપવા વિનંતી.

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૯/૦૧/૨૦૨૧

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

- **નકલ રવાના અમલાર્થે**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- શાસનાધિકારીશ્રી, (તમામ)
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- **નકલ સવિનય રવાના જાણ સારૂ.**
- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોકનં:૯,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.